પત્ર નં. યોજના-૨/આંગણવાડી/સ્ટીલ કબાટ/નવી બાબત/૨૦૧૩-૧૪/ફાળવણી/......./૨૦૧૩.
કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
જુના સચિવાલય, ગાંધીનગર
તા. /0૭/૨૦૧૩.

વંચાણે લીધા-

(૧) ગુજરાત સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ વિભાગ,ગાંધીનગરના ઠરાવ આઇસીડી/૧૧૨૦૧૨/૫૦૫૩/(બ) તા.૨૯/૪/૨૦૧૩

(૨) કમિશ્નરશ્રી , મહિલા અને બાળ વિકાસની કચેરીના પત્ર ક્રમાંક નં. આઇ.સી.ડી.એસ./નવી બાબત/સ્ટોર સ્ટીલ કબાટ/૭૩૬૭-૬૯/૧૩ તા. ૨૦/૦૩/૨૦૧૩

આમુખ-

ગુજરાત રાજયના કમિશ્નરશ્રી આઇસીડીએસની કચેરી દ્વારા હાલમાં રાજયમાં ૫૨૧૩૭ આંગણવાડી કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે. આ પૈકી ૩૧૪૪૩ આંગણવાડી કેન્દ્રો પોતાના મકાનમાં બેસે છે. આ આંગણવાડી કેન્દ્રોને ૩ થી ૬ વર્ષની વયજુથના લાભાર્થી બાળકો માટે તમામ પ્રકારે સુવિધા યુક્ત બનાવવાની પ્રક્રિયાના ભાગ રૂપે આનુંસાંગીક સુવિધાઓ આપવાનું સરકારશ્રીનું પ્રયોજન છે.

સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક આઇસીડી/૧૧૨૦૧૨/૫૦૫૩/બ, તા.૨૯/૪/૨૦૧૩ થી સને ૨૦૧૩-૧૪ના વર્ષમાં આંગણવાડી કેન્દ્રોમાં ઇલેકટ્રોનીક વજનકાંટા તેમજ અગત્યના રેકર્ડ સાચવવા માટે સ્ટીલ કબાટની ખરીદી કરવા આંગણવાડી કેન્દ્રો માટે રૂ.૫૦૦૦/- ની મર્યાદામાં સ્ટીલ કબાટ ખરીદ કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે. તે માટે નીચે મુજબનો પરિપત્ર કરવામા આવે છે.

પરિપત્ર

સ્ટીલ કબાટની ખરીદી જે તે જિલ્લા દ્વારા સ્પર્ધાત્મક ભાવો મંગાવી ખરીદવાના રહેશે. સ્ટીલ કબાટની સાઇઝ (માપ) ૬૬" x ૩૬" x ૧૮" (ઉંચાઇ ઇંચમા X પહોળાઇ ઇંચમા X ઉંડાઇ ઇંચમાં) રાખવાની રહેશે. તેમજ જરૂરીયાત મુજબ સ્ટીલ કબાટની અંદરના પોર્સન રાખવાના રહેશે. સ્ટીલ કબાટનો ગેજ ૨૦ થી ૨૨ નો રાખવાનો તેમજ સ્ટીલ કબાટ (એક નંગ) ની ખર્ચની મર્યાદા રૂા.૫૦૦૦/-(અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) છે.

સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત આંગણવાડી કેંન્દ્રમાં રેકંડ સંગ્રહ કરવાના તથા અન્ય હેતુસર સ્ટીલ કબાટ પુરા પાડવા માટે નીચેની શરતોને આધીન કાર્યવાહી કરવાની રહેશે.

શરતોઃ-

(૧) વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(3) આ અંગેનો ખર્ચ સરકારશ્રી દ્વારા વખતો વખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણને આધિન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે

(૪) સ્ટીલ કબાટની ખરીદી અંગે જે તે જિલ્લાઓને ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૫) આ યોજનાનો અમલ તા.૧/૪/૨૦૧૩થી કરવાનો રહેશે.

(૬) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ બાબત તરીકે આગામી નાણાકીય વર્ષ માં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૭) આ અંગેના હિસાબો નિયામકશ્રી આઇસીડીએસ કચેરીના હિસાબી અધિકારીશ્રી (વર્ગ-૧) દ્વારા નિભાવવાના રહેશે અને થયેલ ખર્ચ અંનુસાર ગ્રાન્ટ ફાળવવાની રહેશે.

(૮) પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉધોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક SPO/102005/1407/Chh અન્વયે ઈ-ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઇઓ / સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) જિલ્લાઓ દ્વારા કબાટની ખરીદી કરી જે તે ઘટકની આંગણવાડી કેન્દ્રમાં (એક આંગણવાડી દીઠ એક મુજબ) પહોંચાડવાના રહેશે.

(૧૦) કબાટની ખરીદી સરકારશ્રીના પ્રવર્તમાન દ્વારા ધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

કમિશ્નર
મહિલા અને બાળ વિકાસ
ગાંધીનગર

પ્રતિ

૧. નાયબ સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર

૨. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, તમામ.

૩. પ્રોગ્રામ ઓફિસરશ્રી, આઇસીડીએસ, જિલ્લા પંચાયત કચેરી, તમામ.

૪ અમિત ગોર(એમ.આઇ.એસ.-કન્સલ્ટન્ટ ) પરિપત્ર ઓનલાઇન મુકવા સારૂ.